# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org

**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

**નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૮**

Go....Make Disciples

**જીવન સંદેશ મિનિસ્ટ્રીના**
**સમગ્ર પરિવાર તરફથી**
**આપને તથા આપના કુટુંબને**
**નાતાલ**
**તથા**
**નવા વર્ષની**
**પ્રેમી સલામ**

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

પ્રભુ ઈસુના નામમાં આપ સર્વને નાતાલ તથા નવા વર્ષની શુભેચ્છા. નાતાલ આપણને સનાતન સત્ય યાદ દેવડાવે છે. "માનવ-દેવ સંનિદ્ધ થયા !" ઈશ્વરની અવર્ણનીય બક્ષિસને માટે તેમની સ્તુતિ થાઓ !

જેમ જેમ વર્ષો જાય છે તેમ તેમ નાતાલનું હાર્દ વિસરતું જાય છે ને વર્ષો જતાં પ્રણાલિકા બની જાય છે પણ, પ્રભુના વચનમાં એ પ્રમાણે વાંચવા મળતું નથી. લુક ૨:૮-૨૦ માં ઘેટાંપાળકો ખ્રિસ્તના જન્મનો પ્રતિભાવ જે રીતે આપે છે તે આપણા માટે મોટો પડકાર છે. ઘેટાંપાળકો માટે નાતાલ એટલે ઈસુખ્રિસ્ત સાથે વ્યક્તિગત પ્રથમ મુલાકાત કે જે તેમના જીવનમાં આમૂલ પરિવર્તન લાવે છે.

ઘેટાંપાળકોનું સમાજમાં સ્થાન નહિંવત્ હતું. તેમની કોઈ જ ગણના કરવામાં આવતી નહિ. તેમનાં પર કોઈ વિશ્વાસ કરે જ નહિ. કોર્ટમાં તેમની સાક્ષી લેખે ન ગણાય. યુસફ જ્યારે મિસરમાં હતો ત્યારે લખવામાં આવ્યું છે કે, "ભરવાડ માત્રને મિસરીઓ ધિક્કારતા હતા." પણ, સમાજમાં નહિવત્ ગણાતા લોકો, તિરસ્કાર પામેલા જેઓની સાક્ષી લેખે ન ગણાય તેવા લોકોને ઈશ્વર પસંદ કરીને ઈસુ ખ્રિસ્તના જન્મની પ્રથમ વધામણી આપવા ઉપયોગ કર્યો. ઈસુ ખ્રિસ્તના જન્મ સંબંધી નાટક કે સ્કીટ કરવામાં આવે તો બધાંને યુસફ, મરિયમ, માગીઓ બનવાનું પસંદ કરે જ્યારે ઘેટાંપાળકો બનવાનું જવલ્લે પસંદ કરે. બધાંનું ધ્યાન ફક્ત મુખ્ય પાત્રો પર હોય ઈશ્વરે નાના ગણાતા જૂથને પસંદ કર્યું.

તે રાત્રે ઘેટાંપાળકો ખેતરમાં પોતાનાં ટોળાને સાચવતાં હતાં ત્યારે પ્રભુનો દૂત આવ્યો ને તેમને મોટા આનંદની સુવાર્તા જણાવી. શહેરનું નામ, બાળકનું નામ અને ચોક્કસ નિશાની આપી. તેમણે પોતાની આંખોથી જોયું ને પોતાનાં કાન વડે સાંભળ્યું. આ પ્રથમ દશ્ય બન્યું. ત્યારબાદ જ્યાં ઘેટાંપાળકો હતા ત્યાં એકાએક દૂતોની સાથે આકાશી સેનાનો સમુદાય પ્રગટ થયો ને તેમણે દેવની સ્તુતિ કરીને પ્રગટ કર્યું કે, "પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ, તથા પૃથ્વી પર જે માણસો વિષે તે પ્રસન્ન છે તેઓને શાંતિ થાઓ." જે માણસો પર તેમની કૃપા થાય છે તેઓને શાંતિ થાઓ. ઘેટાંપાળકોએ પોતાની આંખોથી જોયું ને પોતાનાં કાન વડે સાંભળ્યું. કદી પણ સાંભળ્યું ન હોય એવું ક્વાયર સાંભળવા મળે છે. આ બીજું દશ્ય બન્યું.

દૂતો તેઓની પાસેથી ગયા પછી ઘેટાંપાળકોએ એકબીજાને કહ્યું કે, આપણને જે કહેવામાં આવ્યું છે તે પ્રમાણે આપણે કરીએ. ઘેટાંપાળકો ઉતાવળે બેથલેહેમ ગયા ને દૂતે જે પ્રમાણે કહ્યું હતું તે જ પ્રમાણે તેઓ જુએ છે. મરિયમ-યુસફ તથા ગભાણમાં સૂતેલા બાળકને જોયાં. જે પ્રમાણે દૂત દ્વારા કહેવામાં આવ્યું હતું તે જ્યારે તેમણે જોયું ત્યારે ઘેટાંપાળકો છોકરાં સંબંધી વાત તેઓને જાહેર કરી. સર્વ સાંભળનારાઓ ઘેટાંપાળકોની વાતથી નવાઈ, અચરત પામ્યા. ઘણાંએ વિશ્વાસ કર્યો હશે ને ઘણાં અવિશ્વાસ લાવ્યા હશે. કારણ ઘેટાંપાળકની સાક્ષી ખરી હોઈ શકે નહિ. આ

ત્રીજું દૃશ્ય હતું.

વિસાત વગરના ઘેટાંપાળકોને જે પ્રમાણે કહેવામાં આવ્યું હતું તે બધું સાંભળ્યું તથા જોયું ને તેને લીધે તેઓ દેવનો મહિમા તથા સ્તુતિ કરતાં પોતાનાં ટોળાં પાસે પાછા ગયા આ ચોથું દૃશ્ય. ઘેટાંપાળકોનું એકેક અંગ કામે લાગી જાય છે. આંખથી જુએ છે, કાનથી સાંભળે છે, હૃદયથી વિશ્વાસ કરે છે. જોવા માટે તે સાંભળવા પ્રમાણે પગ બેથલેહેમ લઈ જાય છે ને ત્યાં જોયા પછી પોતાનાં મુખ મારફતે સાક્ષી આપે છે ને ત્યારબાદ પોતાના મુખ દ્વારા દેવને મહિમા આપે છે, તેમની સ્તુતિ કરે છે. જે પહેલાં કદી પણ પોતાનાં જીવનમાં આ પ્રમાણેનો અનુભવ કર્યો નહિ હોય. ઘેટાંપાળકોએ જ્યારે ખ્રિસ્ત પ્રભુને જોયાં ત્યારે તે બાળક જ હતા ને છતાંય તેમનો તારણહાર બને છે. ઈસુ ખ્રિસ્ત સાથેની પ્રથમ મુલાકાત તેમનામાં આમુલ પરિવર્તન લાવે છે. પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ !

આ નાતાલ પર્વ આપણા માટે આનંદનું પર્વ બની રહે. આપણી પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથેની પ્રથમ મુલાકાત થઈ તે યાદ કરીને ઘેટાંપાળકોએ જેમ કર્યું તેમ આપણે કરીએ. જે આરંભથી હતું, જે આપણે સાંભળ્યું, જે આપણે પોતાની આંખે જોયું, જેને આપણે નિહાળ્યું, જેને આપણે સ્પર્શ કર્યો તે જીવનના શબ્દ પ્રભુ ઈસુ ખ્રિસ્ત સંબંધી બીજાઓને પ્રગટ કરીએ.

વ્હાલા મિત્રો, ૨૦૧૮ના વર્ષમાં આપ સર્વની અવિરત પ્રાર્થનાઓ, ઉદારદાનો તથા સતત ઉત્તેજન, સાથ-સહકાર માટે અમે હૃદયનાં ઊંડાણથી આભાર માનીએ છીએ. તે માટે ત્રિએક ઈશ્વરની સ્તુતિ થાઓ !

**- ડેવિડ ક્રિશ્ચિયન**

## રેડિયો ફોલોઅપ સેવા

જીવન સંદેશ પ્રસારણ અને ફોલોઅપ સેવા ઈશ્વરની કૃપા અને તેમનાં વિશ્વાસુપણાને લીધે છપ્પનમાં વર્ષમાં જારી રહી છે ત્યારે ઈશ્વરપિતાને ધન્યવાદ આપીએ છીએ. પ્રભુનું વચન આપણને ખાતરી આપે છે. "પણ યહોવાહની કૃપા તેનાં ભક્તો પર આનાદિકાળથી તે અનંતકાળ સુધી છે, અને તેમનાં સંતાનના સંતાનોની સાથે પોતાનું વિશ્વાસુપણું કાયમ રાખે છે." (ગી.શા.૧૦૩ઃ૧૭). આજ સુધી ઈશ્વરે તેમના લોકોની મારફતે નાણાંનો શ્રોત વહેવા દીધો છે માટે તેમની સ્તુતિ થાઓ. સ્વૈચ્છિક ભાઈ-બહેનોનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ. તેઓ હંમેશા પોતાના તાલંત અને સમય રેડિયો સેવાને માટે અર્પે છે. તેથી પ્રભુનો ખૂબ જ આભાર માનીએ છીએ.

હાલમાં આપણે ૧૫ મીનીટના ત્રણ ગુજરાતી અને બે હિન્દી પ્રસારણો ટ્રાન્સ વર્લ્ડ રેડિયો દ્વારા પ્રસારિત કરી રહ્યાં છીએ. આ પ્રસારણો તૈયાર કરવા પ્રભુએ આપણને આધુનિક અને સુસજ્જ ડીઝીટલ રેકોર્ડીંગ સ્ટુડિયો તથા અદ્યતન સાધનો પૂરાં પાડ્યા છે તે માટે પ્રભુના નામને ધન્યવાદ આપીએ છીએ.



## પત્રમિત્રોની સાથે મુલાકાત

**નવેમ્બર ૧૧ થી ૧૪ ૨૦૧૮ મહારાષ્ટ્રમાં તથા તાપી જીલ્લામાં પત્ર મિત્રોની સાથે મુલાકાત**

તા.૧૧-૧૧-૨૦૧૮ રાત્રે શ્રી સીરીલભાઈ અને શ્રી રેનીસને બસ મુસાફરી કરી સવારે સોનગઢ ઉતર્યા. જ્યાં ભાઈઓ તેમને ખોકરવાડા લઈ ગયા. પ્રેમથી આવકાર કર્યો ને ચા-નાસ્તો કર્યા બાદ ખોકરવાડાની મંડળીના ૨૪ કુટુંબોના ઘરે જઈને મુલાકાત કરી ને પ્રાર્થના કરવામાં આવી. રાત્રે ખુલ્લા મેદાનમાં મિટીંગનું આયોજન મંડળી દ્વારા કરવામાં આવ્યું. તે મીટીંગમાં શ્રી સીરીલભાઈ અને રેનીસને પ્રભુના વચનોમાંથી શિક્ષણ આપ્યું. જેમાં બધાને ઉત્તેજન મળ્યું. મંડળીના સર્વ ભાઈ-બહેનોએ આ સંગતનો લાભ લીધો.

પ્રભુને ધન્યવાદ આપીએ છીએ. તે જ દિવસે અમે ભડભૂંજા ગામમાં કુટુંબની મુલાકાત ને પ્રાર્થના કરી. તા.૧૩-૧૧-૨૦૧૮ સવારે કારેગાટમાં કુથિયાભાઈના ઘરે મુલાકાત ને પ્રાર્થના કરી. બપોરે ગુણસદા આવ્યા. મગનભાઈને ઘરે બે વાર પ્રભુના વચનો આપ્યા ને ૯ કુટુંબોની મુલાકાત ને પ્રાર્થના કરી. તેથી પ્રભુનો આભાર માનીએ છીએ. આ મુલાકાત દરમ્યાન મુખ્ય વડીલો તથા આગેવાનો બોદાખંકલ, કુંથીયાભાઈ, વિનાયકભાઈ, મનુવેલભાઈ, દયાનંદભાઈનો સાથ-સહકાર આપ્યો તેથી ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ.






## શિષ્યપણાની સેવા

શિષ્યપણાની સેવામાં પ્રભુએ ૩૧ વર્ષ તેમની અવિરત કૃપા દર્શાવી છે. તેથી પ્રભુની સ્તુતિ થાઓ. અત્યાર સુધીમાં સેંકડો વ્યક્તિઓને પદ્ધતિસર તાલિમ અને શિક્ષણ આપવામાં આવ્યું. આ શિષ્યપણાનું શિક્ષણ ભાગ લેનાર વ્યક્તિને બે રીતે લાભદાયી છે. વ્યક્તિગત વૃદ્ધિ અને ખ્રિસ્તમાં તમારા જીવનની વહેંચણી કરવી. આ શિક્ષણથી અનેક વ્યક્તિઓ આધ્યાત્મિક આગેવાની આપી રહ્યાં છે. આ સર્વ માટે પ્રભુને માન-મહિમા આપીએ છીએ.

## Special Study Seminar : કેવી રીતે બાઈબલ અભ્યાસ કરવો તથા પવિત્રઆત્મા ઉપર શિક્ષણ

પ્રભુનો આભાર માનીએ છીએ કે મંડળીના આગેવાનો તથા પાળકો પદ્ધતિસરના શિક્ષણ માટે આતુર હતા ને આ દિવસોમાં આ વિષયો ઉપર ઈશ્વરના વચનોમાંથી શિક્ષણ આપવું જરૂરી છે તેથી જીવન સંદેશ ૧૮-૨૧ ઑક્ટોબર ૨૦૧૮ આધ્યાત્મિક જીવન કેન્દ્ર ભરૂચમાં આયોજન કર્યું. દક્ષિણ ગુજરાતના ભાઈ-બહેનોને માટે ખાસ પ્રકારનું શિક્ષણ આપવામાં આવ્યું. જેમાં ૪૪ વ્યક્તિઓએ બહું જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો ને જે જે શીખ્યા તે તે મંડળીના આગેવાનો તથા પાળકોને જણાવ્યું. જેઓએ ભાગ લીધો તેઓએ પ્રતિભાવ આ પ્રમાણે આપ્યો.

● 'જીવન સંદેશ' મિનિસ્ટ્રીઝ આયોજીત ઘણા બધા સેમિનારોમાં હું ભાગ લઈ ચૂક્યો છું. પરંતુ આ સેમિનાર એક સ્પેશિયલ વિષયને ધ્યાનમાં લઈને આયોજન કરવામાં આવ્યો હતો. એ વિષય હતો ''પવિત્ર આત્મા'' અને ''બાઈબલનું અધ્યયન''.

● આ સેમિનારમાં હું ''પવિત્ર આત્મા''ની સ્પષ્ટ સમજણ મેળવી શક્યો અને પવિત્ર આત્મા સંબંધીના જે ખોટા ખ્યાલો છે એ સંબંધીનું પદ્ધતિસરનું શિક્ષણ મળ્યાથી એ જાણી શક્યો કે, પવિત્ર આત્મા કોણ છે ? કોને મળી શકે છે ? એ અલગ અલગ વ્યક્તિઓના જીવનમાં શું કાર્ય કરી શકે છે ? એનો સ્પષ્ટ ખ્યાલ પ્રાપ્ત કરી શક્યો, જેથી ખોટા સિદ્ધાંતો અને ખોટા ખ્યાલોથી દૂર રહી શકું અને એની સંગતમાં વૃદ્ધિ પામી શકું.

● દૈનિક બાઈબલ અધ્યયન ઈશ્વરના વચનોને ઈશ્વરના વચનોના સંદર્ભમાં જ સમજી શકાય છે. જેથી વચનની ગેર સમજણ ના રહે આ બાબત શીખી શક્યો જેથી દેવના વચનોના પદ્ધતિસરના અધ્યયનમાં નવું બળ પ્રાપ્ત કરી શક્યો.

અંત આ સેમિનારમાં એક નવી ''આત્મિક દૃષ્ટિ'' મળી જેથી દેવના પવિત્રઆત્માની નિકટતામાં રહી શકાય.

નિર્ણય : હું દરરોજ બાઈબલ અભ્યાસ કરીશ, નાના બાઈબલ જુથ શરૂ કરીશ, પવિત્રઆત્માને આધીન રહીશ.













## યુગલ સમૃદ્ધિ સેમીનાર

ઈશ્વરપિતાએ જીવનસંદેશને ઈશ્વરના વચનો મારફતે યુગલોને બાંધવાની સેવાને ૨૬ વર્ષથી આશીર્વાદિત કરી છે. તેથી પ્રભુની સ્તુતિ થાઓ. આ સેમીનારમાં શિક્ષણ ઉપરાંત વ્યક્તિગત રીતે પણ અનેક યુગલોને માર્ગદર્શન અને ઉત્તેજન આપવા માટે પ્રભુએ કૃપા આપી તેથી ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ.

(૧) એપ્રિલ ૭, ૨૦૧૮ બરોડામાં ફેમીલી મીટીંગ કરવામાં આવી.

(૨) મે ૨૬, ૨૦૧૮ સી.એન.આઈ. ચર્ચ આણંદમાં ૧૫-૨૦ યુગલોએ ભાગ લીધો તેથી પ્રભુની સ્તુતિ કરીએ છીએ.

(૩) ઓગસ્ટ ૧૫, જશોદાનગરમાં સાલ્વેશન આર્મીની જૈતૂન પલટણમાં MES માં પ્રભુના વચનો શીખવવામાં આવ્યા.

(૪) ઓગસ્ટ ૨૨, વેસેલીયન મંડળી પારડીમાં MES માં પ્રભુના વચનો શીખવવામાં આવ્યા.

આ MES ના શિક્ષણ આપવામાં પ્રભુએ શ્રી મધુભાઈ તથા શ્રીમતિ રીટાબહેનને મદદ કરી ને જ્ઞાન આપ્યું તેથી પ્રભુની સ્તુતિ થાઓ.

## નારી જીવન સંચાર સેવા

ઈશ્વરપિતાએ જીવનસંદેશની નારી જીવન સંચાર સેવાને નવ વર્ષથી આશીર્વાદિત કરી છે તેથી પ્રભુને ધન્યવાદ આપીએ છીએ. જુદા જુદા સેમીનારો દ્વારા દરેક સ્તરની બહેનોને ઈશ્વરના વચનો મારફતે શિક્ષણ આપી શક્યા. ઈશ્વરપિતાએ આ સેવા દ્વારા ઘણી બહેનોને હોંશ, ઉત્સાહ અને જીવન પ્રત્યેનો નવો દૃષ્ટિકોણ આપ્યા છે. પ્રભુએ નારી સંચાર કોર ગ્રુપને જ્ઞાન, ડહાપણ અને માર્ગદર્શન આપ્યા તેથી પ્રભુની સ્તુતિ થાઓ. આ વર્ષ દરમ્યાન (૧) મહિલા રીટ્રીટ (૨) યંગ ગર્લ્સ રીટ્રીટ (૩) એકલા પણ એકલવાયા નહિ (૪) લુકની સુવાર્તા બાઈબલ ક્વીઝ ૨૦૧૮ની ૨ વર્ષ દરમ્યાન ૪૭૫ બહેનોએ અલગ અલગ રીટ્રીટમાં ભાગ લીધો. તેથી પ્રભુની સ્તુતિ કરીએ છીએ. આ બહેનો બીજી બહેનોને ઉત્તેજનનું કારણ બને તે માટે પ્રાર્થના કરીએ. પ્રભુએ કરેલા સર્વ કાર્યોને માટે તેમની સ્તુતિ થાઓ.

## લુકની સુવાર્તાની લેખિત સ્પર્ધા

જીવન સંદેશની નારી જીવન સંચાર સેવા દ્વારા લુકની સુવાર્તાની લેખિત સ્પર્ધા તા.૫-૮-૨૦૧૮ ના રોજ બેઉલાહ અલાયન્સ ચર્ચ ખાતે ૨:૦૦ થી ૪:૦૦ કલાકે રાખવામાં આવી હતી.

આ સ્પર્ધામાં કુલ ૭૮ બહેનોએ ભાગ લીધો હતો. તેમાં જુવાન અને વૃદ્ધ બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સિમ્પસન ચર્ચમાંથી ૧૩ બહેનો અને સી.એન.આઈ. કર્મચારીનગર



ચર્ચમાંથી ૧૨ બહેનોએ ભાગી લીધો હતો.

પ્રથમ ત્રણ બહેનોને ઈનામ આપવામાં આવ્યું હતું. જે નીચે પ્રમાણે છે.

**(૧) પ્રથમ નંબર** : શ્રીમતી મીનાક્ષીબેન એમ. ક્રિશ્ચિયન - સિમ્પસન ચર્ચ

**(૨) દ્વિતીય નંબર** : શ્રીમતી સ્ટેલાબેન એમ. ક્રિશ્ચિયન - સિમ્પસન ચર્ચ

**(૩) તૃતીય નંબર** : શ્રીમતી સુઝનબેન એમ. ક્રિશ્ચિયન - સી.એન.આઈ. કર્મચારીનગર

આ સિવાય દરેક બહેનોને પ્રોત્સાહનરૂપે એક પેન ભેટ આપવામાં આવી હતી.

આ સ્પર્ધા રાખવા પાછળ એક જ હેતું છે કે બહેનો ઈશ્વરના વચનો ધ્યાનથી વાંચે, અભ્યાસ કરે અને તેના સત્યો સમજે. યહોશુઆ ૧:૮ માં કહ્યું છે કે, ‘‘એ નિયમ શાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિ પણ દિવસે તથા રાત્રે તેનું મનન કર કે તેમાં જે બધું લખેલું છે તે તું કાળજીથી પાળે, કારણ કે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે, અને ત્યારે જ તું ફતેહ પામશે.’’

એકલા પણ એકલવાયા નહી રીટ્રીટમાં સ્પર્ધામાં આવેલ પ્રથમ, દ્વિતિય, તૃતિય નંબરોને જાહેર કરવામાં આવ્યા અને તેમને આ દિવસે ભેટ આપવામાં આવી. બહેનોના ઉત્સાહ અને સહકાર માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ.









## "એકલા પણ એકલવાયા નહિ"

તા.૧૬-૯-૨૦૧૮ ના રોજ કોઈપણ રીતે એકલવાયું જીવન વ્યતિત કરતી એકલી બહેનો માટે બેઉલાહ અલાયન્સ ચર્ચમાં એક દિવસીય રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં..**આધારવચન :** "માટલીમાંનો મેંદો થઈ રહેશે નહિ ને કૂંડીમાંનું તેલ ખૂટી જશે નહિ." ૧ રાજા ૧૭:૧૬(બ).

આ રીટ્રીટમાં ૧૪૫ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. આ સમય દરેક માટે આશીર્વાદિત રહ્યો હતો. વક્તા તરીકે રેવ. અનિતાબેન જે. ક્રિશ્ચિયનને આમંત્રણ આપવામાં આવ્યું. જે તેમણે સહર્ષ સ્વીકાર્યું હતું. ઉપરોક્ત આધારવચન પર તેમણે બે સંદેશા આપ્યા હતા. જે ખૂબ જ અસરકારક અને પડકારજનક હતો. આજ્ઞાપાલન આશીર્વાદ લાવે છે અને ઈશ્વર ગમે તે વ્યક્તિનો ઉપયોગ તેના કાર્ય માટે કરે છે. રીટ્રીટ દરમ્યાન બહેનો સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે બહેનોને ઘણું ઉત્તેજન અને પડકાર મળ્યા છે. વળી ભાગ લેનાર બહેનો દ્વારા સૂચન કરવામાં આવ્યું કે આવી રીટ્રીટ વર્ષમાં બે ત્રણવાર રાખવામાં આવે તો સારું.

આ સર્વ કાર્ય માટે પ્રભુનો ખૂબ જ આભાર માનીએ છીએ અને તેમને જે સર્વ માન અને મહિમા આપીએ છીએ.









## ૨૦૧૮ માટે આભાર માનીએ.....

૧. જીવન સંદેશ ફેમીલી ગેધરીંગ ૭ જાન્યુઆરી બેઉલાહ અલાયન્સ ચર્ચમાં મળી શક્યા.
૨. વિશ્વવાણીના સેવકો માટે ૨:૭ શ્રેણી શિક્ષણપણાનો તાલીમ સેમીનારમાં ૮-૧૨ જાન્યુઆરી નવાપાડા-સોનાગઢ જીવન સંદેશ-સ્ટાફને શિક્ષણ આપી શક્યા.
૩. જીવનસંદેશ પ્રેયર ડે ૧૩ ફેબ્રુઆરી બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરી શક્યા.
૪. નારી સંચાર દ્વારા મહિલા રીટ્રીટનું આયોજન ૪ માર્ચ બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરી શક્યા.
૫. નારી સંચાર દ્વારા બહેનો માટે લુકની સુવાર્તા પર ક્વીઝ ૫ ઓગસ્ટ બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરી શક્યા.
૬. નારી સંચાર દ્વારા સીંગલ જીવન રીટ્રીટ ૨૩ સપ્ટેમ્બર બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરી શક્યા.
૭. તા.૧૮ થી ૨૧ ઓક્ટોબર આધ્યાત્મિક જીવન કેન્દ્ર ભરૂચ ખાતે "પવિત્ર આત્મા", "બાઇબલ અભ્યાસ કેવી રીતે ?" બે વિષયોના શિક્ષણનો સેમિનાર કરી શક્યા.
૮. પેશનવીકની સભાઓ તેમજ અલગ અલગ મંડળીઓમાં તથા સંસ્થાઓમાં પ્રભુના વચનો આપી શક્યા.
૯. જીવનસંદેશ સ્ટાફ પ્રેયર ડે માટે મળી શક્યા.
૧૦. Online Radio ની સેવા માટે અને મળેલ પ્રતિભાવો માટે...
૧૧. દાન એકત્ર કરનાર (૧) શ્રી અને શ્રીમતી સુમન એલ. ક્રિશ્ચિયન (૨) શ્રી પીટરભાઈ ક્રિસ્ટી (૩) શ્રીમતી મોનિકાબહેન પી. ક્રિસ્ટી (૪) શ્રી નવિનભાઈ જમીનદાર (૫) શ્રી જસ્ટીનભાઈ સેવક (૬) રેવ. ફિલીપભાઈ ક્રિશ્ચિયન (૭) શ્રી વિનોદભાઈ પી. ક્રિશ્ચિયન (૮) શ્રી જસ્ટીનભાઈ ક્રિશ્ચિયન (૯) શ્રી માર્ટિન ડી. ખ્રિસ્તીનો હૃદયના ઊંડાણથી જીવનસંદેશ આભાર માને છે ને પ્રભુની સ્તુતિ કરીએ છીએ. આ મિત્રો નિયમિત રીતે દાતાઓના ઘરે જઈને મુલાકાત કરી પ્રાર્થના કરીને દાન એકત્ર કરે છે. પ્રભુ તેમની સેવાઓને આશિષ આપો.
૧૨. જીવન સંદેશની સેવામાં પૂર્ણ સમયી સ્ટાફ તરીકે શ્રી રોની ઠાકોર (ઓફિસ આસીસ્ટંન્ટ) અને શ્રી રેનીસન જે. ક્રિશ્ચિયન (આસીસ્ટંન્ટ) જોડાયા માટે...
૧૩. ૨૦૧૮ના વર્ષ દરમ્યાન જીવનસંદેશના બોર્ડના ભાઈઓને સેવાના કાર્યમાં યોગ્ય નિર્ણય લેવા પ્રભુએ જ્ઞાન, ડહાપણ પૂરાં પાડ્યા માટે પ્રભુનો આભાર માનીએ છીએ.
૧૪. ૨૦૧૮ ના વર્ષ દરમિયાન જીવન સંદેશની નાણાંકિય જરૂરિયાત પ્રભુએ પૂરી પાડી માટે...

**-: પ્રાર્થના કરશો અને ભાગ લેશો :-**

**૧. તા.૨૪ થી ૨૭ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન ત્રીજું રાષ્ટ્રીય સ્તરનું ડિસાઈપલ કોન્ફરન્સ ૨૦૧૯ની કોન્ફરન્સ માટે...**
**૨. તા.૮ થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૯ દરમિયાન ચોથું નારી જીવન સંચાર અધિવેશન માટે...**
**આ બંને આયોજનોની વિગતવાર માહિતી પાછળના પાનાઓમાં આપેલ છે. જો આપ આ સેમિનારોમાં ભાગ લેવા ઈચ્છા રાખો છો તો જીવન સંદેશનો સંપર્ક કરવા વિનંતી.**

**જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ**
**નારી જીવન સંચાર સેવા આયોજિત**

Go....Make Disciples

# ચોથું નારી જીવન સંચાર સ્ટેટ અધિવેશન - ૨૦૧૯

## આધાર વચન : "તમે તેમને પગલે ચાલો" (૧ પિત્તર ૨:૨૧–બ)

**સમય : તા. ૮ થી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૯**

**સ્થળ : લીડ સેન્ટર, મહાલક્ષ્મી સોસાયટી પાસે, જતન વિદ્યાલય રોડ, રેલ્વે ટ્રેક સામે, જશોદાનગર, અમદાવાદ-૩૮૨૪૪૫**

**વક્તા :**

**શ્રીમતી લોરેન ફ્રાન્સિસ (ડાયરેક્ટર, મુક્તિ મિશન કેડગાંવ પુના)**
**રેવ. સ્મિતા રોઝિયા (ડાયરેક્ટર, ચર્ચ પ્લાન્ટીંગ - મેથોડિસ્ટ ચર્ચ ગુજરાત)**
**રેવ. અનિતા ક્રિશ્ચિયન (ડાયરેક્ટર, સી.એન.આઈ. કાન્સેલીંગ સેન્ટર)**

નારીજીવન સંચાર સેવા- જીવન સંદેશ દ્વારા ફેબ્રુઆરી ૮ થી ૧૦, ૨૦૧૯ દરમ્યાન ગુજરાત રાજ્યની બહેનો માટે ખાસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. આ કોન્ફરન્સનો હેતુ બહેનોને તેમના આધ્યાત્મિક જીવનના વિકાસ માટે તથા તેમના મુંઝવતા પ્રશ્નોમાં ઉત્તેજન અને દોરવણી મળે તથા તેઓ તેમના જીવન દ્વારા મંડળી, સમાજ, કુટુંબ, વ્યવસાય તથા અન્ય ક્ષેત્રોમાં અસરકારક સાક્ષીરૂપ બની શકે તે માટે રાખવામાં આવેલ છે.

આ પરિષદમાં આધાર વચન આધારિત સંદેશા વક્તા તરફથી આપવામાં આવશે. આ ઉપરાંત બહેનોના જીવનને સ્પર્શતા વિષયો આધારિત શિક્ષણ આપવામાં આવશે.

આ પરિષદમાં ગુજરાતની મંડળીની તમામ બહેનોને ભાગ લેવા પ્રેમભર્યું આમંત્રણ છે. બહેનોની સંખ્યા મર્યાદિત રાખવાની હોવાથી આપનું રજીસ્ટ્રેશન ફોર્મ વેળાસર મેળવી રૂા. ૧૫૦/- રજિસ્ટ્રેશન કરાવશો. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧ ફેબ્રુઆરી, ૨૦૧૯.

***ખાસનોંધ :-***
- અમદાવાદ બહારથી આવનાર અને બધા દિવસ ભાગ લેનારને એક તરફનું સેકન્ડ ક્લાસનું બસ/ટ્રેનનું ભાડું આપવામાં આવશે.
- બહારગામથી આવનાર બહેનો માટે રહેવાની વ્યવસ્થા લીડ સેન્ટરમાં કરવામાં આવશે.
- બાળકો સાથે લાવવા નહિ.

***-: રજીસ્ટ્રેશન ફોર્મ મેળવવાનું સ્થળ :-***

*જીવન સંદેશ મિનીસ્ટ્રીઝ, બેઉલાહ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮*
*ફોન નં.: (૦૭૯) ૨૨૭૭૪૩૦૫*

**શ્રીમતી રીટાબેન ક્રિશ્ચિયન**
**કન્વિનર, નારી જીવનસંચાર સેવા**

**શ્રીમતી રીન્કુબેન મિત્રા**
**સેક્રેટરી, નારી જીવન સંચાર સેવા**



Go....Make Disciples

# THIRD NATIONAL CONFERENCE ON DISCIPLE MAKING

## ORGANIZED BY JIVAN SANDESH MINISTRIES

**THEME : "TAKE ROOT BELOW…. AND FRUIT ABOVE." Is. 37:31**

DATE & TIME : 24 JANUARY 2019 (Thursday) 04:00 p.m. to 27 JANUARY, 2019 (Sunday) 01:30 p.m.

UNIQUE OPPORTUNITY FOR PASTORS, CHRISTIAN LEADERS, MISSION WORKERS AND FOR THOSE WHO HAVE HEART FOR DISCIPLE MAKING

### *Resource Persons :*

**Mr. L. T. Jeyachandran ( Pune)**
**Rev. Chris Williams (Pune)**
**Mr. Krupanand Pappala (Bangalore)**

**Registration :** Rs.500=00 per person. by 10 January, 2019 by M.O. or DD in favor of Jivan Sandesh Ministries Ahmedabad

**Venue** : Beulah Alliance Church, Nr. Old Christian Soc; Maninagar-East, Ahmedabad-380008, GUJARAT

**Note :**
(1) Medium of teaching will be in English with translation in Hindi
(2) Limited seats available so register yourself as soon as possible by e-mail.
(3) One way second class train or bus fare will be given to those who will attend all the sessions of the conference.
(4) The accommodation will be dormitory type for men and women.

**For online registration visit www.jivansandesh.org**

**Contact :**
**Mr. David Christian**
Director, Jivan Sandesh Ministries
Beulah Alliance Church Compound; Maninagar –E; Ahmedabad 380008; Gujarat-India
Tel. No.: 079-22774305 (O); 09825910630 (M); 09327035067 (Enock Christian)
**E-mail: jsmdsseminar2019@gmail.com**
Website: **www.jivansandesh.org**